**Extra No. 226**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVI ]     MONDAY, JUNE 23, 2025 / ASHADHA 2, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-C**

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

**રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી અને પ્રાંત અધિકારી**

**પ્રાંતિજ વિભાગ, પ્રાંતિજની કચેરી**

તાલુકા સેવા સદન, સ્ટેશન રોડ, પ્રાંતિજ, ૨૨મી જૂન, ૨૦૨૫

**વંચાણે લીધુ:-**

૧) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચપ/ચટણ/ગ્રા.પં.સ્થા.સ્વ./૩૬(૩)/૨૦૧૧ તા.૧૩/૦૬/૨૦૧૧

૨) અત્રેના જાહેરનામા ક્રમાંકઃ વીપી/સામાન્ય-પેટા/ચૂંટણી/પ્રાંતિજ તાલુકો/કાર્યક્રમ/૬/૨૦૨૫ તા.૦૨/૦૬/૨૦૨૫

૩) ચૂંટણી અધિકારીશ્રી ઝીંઝવા ગ્રામ પંચાયત અને આંકડા મદદનીશ તાલુકા પંચાયત કચેરી પ્રાંતિજનો તા.૨૨/૦૬/૨૦૨૫ નો અહેવાલ

૪) મામલતદારશ્રી પ્રાંતિજના પત્ર નંબરઃ વીપી/ચૂંટણી/ઝીંઝવા/વોર્ડ નંબર-૨/ખામીયુક્ત બેલેટ/૨૦૨૫ તા.૨૨/૦૬/૨૦૨૫

૫) ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો-૧૯૯૪ના નિયમ-૪૯ની જોગવાઈ

**પ્રસ્તાવના:-**

**નં. વી.પી/સા.ચૂ/ઝીંઝવા વોર્ડ-૨/પુનઃ મતદાન/હુકમ/વશી/૦૬/૨૦૨૫:** રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગરના ઉક્ત વંચાણે લીધેલ આમુખ-૧ ના આદેશથી રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી તરીકે અમોને સત્તા સુપ્રત થયેલ છે.

આમુખ-૨ માં જણાવ્યા અનુસાર સા. કાં જિલ્લાના પ્રાંતિજ તાલુકાની ઝીંઝવા ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી અંગેનુ જાહેરનામું અત્રેથી તા.૦૨/૦૬/૨૦૨૫ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ અને મતદાનની તારીખ તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ મુકરર કરવામાં આવેલ.

આમુખ-૩ થી વંચાણે લીધેલ અહેવાલની વિગતે ચૂંટણી અધિકારીશ્રી ઝીંઝવા ગ્રામ પંચાયત અને આંકડા મદદનીશ તાલુકા પંચાયત કચેરી, પ્રાંતિજનાઓએ તેઓના તા.૨૨/૦૬/૨૦૨૨ના પત્રથી જણાવેલ છે કે પ્રાંતિજ તાલુકામાં સમાવિષ્ટ ઝીંઝવા ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણીના વોર્ડ નંબર-૨ ના ઉમેદવાર માટે આજરોજ તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ મતદાન શરૂ કરવામાં આવેલ જેમાં નીચે જણાવેલ વિગતે વોર્ડ નંબર ૨ ના ઉમેદવારને હરિફ ઉમેદવાર તરીકે ફળ ભરેલી ટોપલીના પ્રતિકની ફાળવણી કરેલ પરંતુ તેના સ્થાને બેલેટ પેપરમાં શરતચૂકથી ટેબલનુ પ્રતિક છપાયેલ છે.

| અ.નં. | ઉમેદવારનુ નામ | વોર્ડ નંબર | ફાળવેલ પ્રતિક | શરતચૂકથી છપાયેલ પ્રતિક |
|---|---|---|---|---|
| ૧ | કૈલાસબા ભાથીસંગ રાઠોડ | ૨ | ફળ ભરેલી ટોપલી | ટેબલ |

આમ ઉક્ત વિગતે મતદાન મથકમાં ચાલુ મતદાને ઉમેદવારશ્રીને આ બાબત ધ્યાને આવતે તેઓએ ચૂંટણીનો બહિષ્કાર કરવા ચૂંટણી અધિકારીશ્રીને લેખિત અરજી આપેલ આમુખ-૩ ની વિગતે ચૂંટણી અધિકારીશ્રી દ્વારા વોર્ડ નંબર-૨ પુરતુ પુન: મતદાન કરાવવા અહેવાલ મોકલી આપેલ છે. જેથી ચૂંટણી અધિકારીશ્રી દ્વારા મોજે-ઝીંઝવા ગ્રામ પંચાયતની ફક્ત વોર્ડ નંબર-૨ ની ચૂંટણી અંગે ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ ના નિયમ ૪૯(૧) (ગ) હેઠળ જાણ કરેલ છે.

વંચાણે લીધેલ આમુખ-૫ ના ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો-૧૯૯૪ ના નિયમ-૪૯(૧)(ખ) ની વિગતે " જેનાથી મતદાન રદ થઈ જવાનો સંભવ હોય તેવી કોઇ કાર્યરીતીમાંથી આવી કોઇ ભુલ કે અનિયમિતતા મતદાન મથકે આચરવામાં આવેલ હોય" તો સદર નિયમોના નિયમ-૪૯ (૨)(૧) " ચૂંટણી પંચ તમામ મહત્ત્વની હકીકતો અને સંજોગો ધ્યાનમાં લીધા પછી તે મતદાન મથકની ચૂંટણી રદ થઈ શકે તેમ જાહેર કરશે અને તે મતદાન મથકે નવી ચૂંટણી કરવા માટેના દિવસ અને સમય નક્કી કરશે અને એવી રીતે નક્કી કરેલ દિવસ અને સમય પોતાના યોગ્ય લાગે તે રીતે જાહેર કરશે"

ચૂંટણી અધિકારીશ્રી દ્વારા તેઓના અહેવાલમાં જણાવેલ છે કે ઝીંઝવા ગ્રામ પંચાયતનાં વોર્ડ નંબર-૨ ના ઉમેદવારે માંગેલ પ્રતિક બેલેટમાં છપાયેલ નથી. શરતચૂકથી અન્ય પ્રતિક છપાયેલ છે તે હકીકતની ખાત્રી કરતા સાચી જણાયેલ છે અને આ હકીકત ચૂંટણી કાર્યરીતીમાં ભૂલ સાબિત થતી હોઇ આમુખ(૫) માં જણાવેલ નિયમોના નિયમ-૪૯ (૨)(૧) હેઠળ તથા આમુખ-૧ થી મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાની ઝીંઝવા ગ્રામ પંચાયતના વોર્ડ નંબર ૨ ની આજ તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ આયોજિત ચૂંટણી "રદ" કરવામાં આવે છે. અને હવે પછી સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાની ઝીંઝવા ગ્રામ પંચાયતના વોર્ડ નંબર ૨ની ચૂંટણી તા.૨૪/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૦૭:૦૦ કલાક થી સાંજના ૦૬:૦૦ કલાક દરમિયાન અગાઉ નિયત થયેલ મતદાન મથકે યોજવા આથી હુકમ કરવામાં આવે છે.

વધુમાં સંબંધિત મતદાન મથકના પ્રમુખ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે કે, જે મતદારો રદ થયેલ ચૂંટણીમાં મતદાન કરી ચૂક્યા છે તેઓને પુન: મતદાનના સમયે ડાબા હાથની બીજી આંગળી ઉપર અવિલોપ્ય શાહીથી નિશાન કરવાનુ રહેશે.

હુકમનો તાત્કાલિક અમલ કરવો.

**(સહી/-) અવાચ્ય,**
રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી
અને પ્રાંત અધિકારી, પ્રાંતિજ વિભાગ.

-----------



Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.06.25 16:12:07 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar